For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




(તસવીર : સતીષ જાદવ, હેમંત ડેરે)

આજે કારતક સુદ એકમ સાથે સંવત 2083ના નૂતન વર્ષના પ્રથમ દિવસ

નવા વર્ષમાં 69 દિવસ શરણાઈ વાગશે

નૂતન વર્ષ બાદ લગ્નસરાનો ધમધમાટ, દેવ ઊઠી એકાદશી બાદ લગ્નનાં શુભ મુહૂર્તો

સુરતઃ આસો વદ અમાસના પાવન પર્વ એટલે કે દિવાળીની ઉજવણી બાદ હવે આજે નૂતન વર્ષને આવકારી સુરતીજનોએ એકબીજાને શુભકામના પાઠવી મોંઢું મીઠું કરાવ્યું હતું.દિવાળી પછીનો દિવસ એટલે કે આજે 'ધોકો' રહ્યો હતો. આવતીકાલે વિક્રમ સંવતના નૂતન વર્ષનો પ્રારંભ થશે. આ દિવસે સવારથી જ મંદિરોમાં દર્શનાર્થીઓની ભારે ભીડ ઉમટી પડશે. લોકો એકબીજાને 'સાલ મુબારક' અને 'નૂતન વર્ષાભિનંદન' પાઠવશે. વેપારીઓ પોતાના ચોપડા પૂજન અને નવા ખાતાનો પ્રારંભ આ શુભ મુહુર્ત થી કરશે. નૂતન વર્ષના બીજા દિવસે બુધવારે ભાઈબીજનો તહેવાર ઉજવાશે. આ દિવસે બહેન પોતાના ભાઈના દીર્ઘાયુ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે અને પોતાના ઘરે ભાઈને નિમંત્રણ આપી તિલક કરી મોં મીઠું કરાવે છે. દિવાળી તહેવારોની પૂર્ણાહુતિ અને દેવઉઠી એકાદશી (પ્રબોધિની એકાદશી)ના આગમન સાથે જ સુરત સહિત રાજ્યભરમાં મંગલ શરણાઈઓ ગૂંજશે અને લગ્નસરાની મોસમનો વિધિવત પ્રારંભ થશે. હિન્દુ ધર્મની પરંપરા મુજબ ચાતુર્માસ દરમિયાન લગ્ન સહિતનાં માંગલિક કાર્યો પર વિરામ રહેતો હોય છે. કારતક સુદ એકાદશી એટલે કે દેવઉઠી એકાદશી (પ્રબોધિની એકાદશી)થી ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગૃત થતા

...અનુસંધાન પાના 5 પર

તા ૨૫ જાન્યુઆરી સુધી લગ્નનાં મુહૂર્ત નથી: જ્યોતિષ હંસરાજ

જાણીતા જ્યોતિષ હંસરાજ ના જણાવ્યા મુજબ આ વખતે 25/01/2027 સુધી ગુરુ સિંહ રાશિ અને મઘા નક્ષત્ર માં હોવાથી કારતક,માગસર અને પોષ વદ બીજ સુધી આખા ભારત માં લગ્ન ના મુહૂર્ત આપવા મા આવ્યા નથી. તા.27/01/2027 થી ગુરુ વક્રી થઈ ને કર્ક મા પ્રવેશ કરશે માટે તે પછી જાન્યુઆરી, ફેબ્રુઆરી,માર્ચ, એપ્રિલ માં લગ્ન મુહૂર્ત લઈ શકાશે. તે પછી તા.26/06/2027 થી તા.26/11/2027 સુધી ગુરુ પાછો સિંહ માં પ્રવેશ કરશે ત્યારે ગંગા અને ગોદાવરી વચ્ચેના પ્રદેશમાં સિંહના ગુરુમાં માંગલિક કાર્યો થતા નથી. તા. 14/04/2027 થી 15/05/2027 દરમિયાન સૂર્ય મેષ રાશિમાં ઉચ્ચનો થતો હોવાથી સિંહસ્થ ગુરુ દરમિયાન આખા ભારતમાં માંગલિક કાર્યો કરી શકાય છે.

નૂતન વર્ષ બાદ લગ્નસરાનો ધમધમાટ

કમુરતાને કારણે લગ્નપ્રસંગને બ્રેક લાગશેઃ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૬થી સૂર્યના ધનુ રાશિમાં પ્રવેશ સાથે ધનુર્માસ એટલે કે કમુરતા શરૂ થશે. હિન્દુ ધાર્મિક પરંપરા મુજબ આ સમયગાળામાં લગ્ન સહિતના માંગલિક કાર્યો યોજવાનું ટાળવામાં આવે છે. આ સમયગાળો ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ના મકરસંક્રાંતિ સુધી રહેશે. મકરસંક્રાંતિ બાદ સૂર્યના મકર રાશિમાં પ્રવેશ સાથે લગ્નસરાનો નવો તબક્કો શરૂ થશે.

દેવઊઠી એકાદશી બાદ લગ્નનાં શુભ મુહૂર્તોઃ વર્ષ ૨૦૨૬માં ૨૦ નવેમ્બરના રોજ દેવઉઠી એકાદશી છે. નવેમ્બર અને ડિસેમ્બરમાં લગ્નના મર્યાદિત મુહૂર્તો બાદ જાન્યુઆરીથી મે-૨૦૨૭ દરમિયાન લગ્નપ્રસંગોની મોસમનો ધમધમાટ રહેશે. દેવઉઠી એકાદશી બાદ તુલસી વિવાહનું ધાર્મિક મહત્ત્વ પણ વિશેષ છે. ભગવાન વિષ્ણુ અને માતા તુલસીના વિવાહની પરંપરા સાથે જ લગ્નસરાની શરૂઆત માનવામાં આવે છે. ડિસેમ્બર મહિનામાં કમુરતા શરૂ થાય તે પહેલાં લગ્નના ગણતરીનાં મુહૂર્ત છે.

જાન્યુઆરી મહિનાના લગ્નનાં મુહૂર્ત

- જાન્યુઆરી-૨૦૨૭માં ૧૫ જાન્યુઆરી શુક્રવારે સવારે ૭.૧૯થી બપોરે ૨.૧૪ વાગ્યા સુધી લગ્ન મુહૂર્ત દર્શાવવામાં આવ્યું છે.
- ૧૯ જાન્યુઆરી મંગળવારે સવારે ૭.૫૦થી બીજા દિવસે સવારે ૭.૧૮ વાગ્યા સુધી
- ૨૦ જાન્યુઆરી બુધવારે સવારે ૭.૧૮થી સાંજે ૪.૧૭ વાગ્યા સુધી
- ૨૪ જાન્યુઆરી રવિવારે સવારે ૧૦.૧૮થી રાત્રે ૯.૩૦ વાગ્યા સુધી શુભ સમય રહેશે.
- ૨૬ જાન્યુઆરી મંગળવારે રાત્રે ૮.૧૮થી બીજા દિવસે સવારે ૭.૧૭ વાગ્યા સુધી
- ૨૭ જાન્યુઆરી બુધવારે સવારે ૭.૧૭થી રાત્રે ૧૧.૫૬ વાગ્યા સુધી
- ૩૦ જાન્યુઆરી શનિવારે રાત્રે ૩.૫૬થી બીજા દિવસે સવારે ૭.૧૬ વાગ્યા સુધી
- ૩૧ જાન્યુઆરી રવિવારે સવારે ૭.૧૬થી સાંજે ૭.૩૫ વાગ્યા સુધી લગ્નના મુહૂર્ત દર્શાવવામાં આવ્યા છે.

ફેબ્રુઆરીમાં આ તારીખોમાં લગ્ન થઇ શકશે

તા. ૨, ૩, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરીના દિવસો લગ્ન માટે શુભ ગણાવવામાં આવ્યા છે. આ સમયગાળામાં રોહિણી, મૃગશીર્ષ, મઘા, સ્વાતિ, અનુરાધા અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રના સંયોગો જોવા મળે છે. ખાસ કરીને વસંત પંચમીના પર્વનું લગ્નસરામાં વિશેષ મહત્ત્વ છે. ધાર્મિક માન્યતા મુજબ વસંત પંચમીને શુભ અને માંગલિક કાર્યો માટે અનુકૂળ દિવસ માનવામાં આવે છે.

માર્ચ મહિનામાં આ દિવસોમાં લગ્નનાં મુહૂર્ત

માર્ચ મહિનામાં તા. ૧, ૨, ૩, ૪, ૯, ૧૦ અને ૧૪ માર્ચે લગ્ન મુહૂર્ત દર્શાવવામાં આવ્યા છે. જોકે ૧૫ માર્ચથી સૂર્યના મીન રાશિમાં પ્રવેશ સાથે મીન કમુરતા શરૂ થશે, જે ૧૪ એપ્રિલ સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન પરંપરાગત રીતે લગ્ન સહિતનાં માંગલિક કાર્યો યોજવાનું ટાળવામાં આવે છે.

દિવાળીની રાત્રે સુરતમાં હવા પ્રદૂષણનો આંક ૭૫૯ને પાર

રાજકોટ ૧૦૦૦ અને અમદાવાદમાં ૬૦૦થી વધુ પ્રદૂષણ

સુરતઃ રોશની અને ખુશીઓના પર્વ દિવાળીની રાત્રે સુરત સહિત રાજ્યના મોટા શહેરોમાં ફટાકડાના ધુમાડાના કારણે વાયુ પ્રદૂષણનું પ્રમાણ અત્યંત ચિંતાજનક અને ભયજનક સ્તરે પહોંચી ગયું હતું. ડાયમંડ સિટી સુરતમાં દિવાળીની રાત્રે બેફામ ફટાકડા ફૂટવાને કારણે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૭૫૯ નોંધાયો હતો, જેને પગલે સમગ્ર શહેર જાણે ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

...અનુસંધાન પાના 5 પર

શું છે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)?

AQI એ હવામાં રહેલા વિવિધ પ્રદૂષકોની માત્રા માપીને હવાની શુદ્ધતા નક્કી કરવાનું એક સ્ટાન્ડર્ડ માપદંડ છે. સામાન્ય રીતે તેની રેન્જ ૦ થી ૫૦૦ વચ્ચે હોય છે. AQI જેટલો ઓછો હોય તેટલી હવા શુદ્ધ ગણાય છે અને જેમ આ આંકડો વધે તેમ પ્રદૂષણ વધુ ઘાતક બને છે. વિવિધ સ્તરના પ્રદૂષણને સમજવા માટે ખાસ કલર કોડ આપવામાં આવે છે.

સુરતીઓ ઘરની બહાર નીકળતા પહેલાં આટલું ચોક્કસ ધ્યાન રાખે

હવામાં ઝેરી ધુમાડાનું પ્રમાણ વધુ હોવાથી શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા અને એલર્જી જેવી સમસ્યાઓ થઈ શકે છે.

- માસ્કનો ઉપયોગ: આગામી બે-ત્રણ દિવસ સુધી ઘરની બહાર નીકળતી વખતે N95 માસ્ક ચોક્કસ પહેરવું.
- બહાર જવાનું ટાળો: ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે વોકિંગ કે કસરત માટે બહાર જવાનું ટાળવું.
- બાળકો અને વૃદ્ધોની સંભાળ: અસ્થમા કે શ્વાસની બીમારી ધરાવતા દર્દીઓ, વૃદ્ધો અને બાળકોને ઘરની અંદર જ રાખવા અને જરૂરી દવાઓ પાસે રાખવી.

પ્રદૂષણ માપતા ખાનગી અને સરકારી યંત્રોમાં તફાવત

ખાનગી એજન્સીમાં AQIના આંકડા ભયાવહ, જ્યારે સરકારી સામાન્ય

ખાનગીમાં AQI 932 પરંતુ સરકારીમાં માત્ર 230 નોંધાયો

દિવાળીની રાત્રે ખાનગી અને સરકારી મોનિટરિંગમાં 702 પોઈન્ટનો જંગી તફાવત

સરકારી યંત્રો હવાની ઝેરી વાસ્તવિકતા છુપાવી રહ્યાં છે કે તેમની માપન વ્યવસ્થા જ વિશ્વસનીય નથી?

સુરતઃ દિવાળીની રાત્રે ફટાકડાના ધુમાડાએ સુરતની હવાને ઝેરી બનાવી દીધી હતી, પરંતુ આ પ્રદૂષણ માપવાની

...અનુસંધાન પાના 5 પર

પ્રદૂષણ છુપાતું નથી, તો સરકારી આંકડામાં કેમ ઘટી જાય છે?

આ વિસંગતતા માત્ર આંકડાઓનો તફાવત નથી, પરંતુ શહેરની હવા કેટલી પ્રદૂષિત છે તે જાણવાના નાગરિકોના અધિકાર સાથે જોડાયેલો મુદ્દો છે. પ્રદૂષણ નિયંત્રણની જવાબદારી ધરાવતું સરકારી યંત્ર જો પોતાના મોનિટરિંગના આંકડાઓની વિશ્વસનીયતા સાબિત ન કરી શકે તો તેની દેખરેખ અને મૂલ્યાંકન વ્યવસ્થા સામે સવાલો ઊભા થવાના જ છે. સરકારી મશીનોની કેલિબ્રેશન, જાળવણી, મોનિટરિંગની પદ્ધતિ અને ડેટાની ચોકસાઈની સ્વતંત્ર તપાસ થવી જોઈએ. ખાનગી અને સરકારી મશીનોના એક જ સમયગાળાના આંકડાઓનું વૈજ્ઞાનિક સરખામણી આધારિત ઓડિટ પણ જરૂરી છે.

પાંડેસરા, સચિન અને પલસાણા GIDCના પ્રદૂષણ આંકડાની વિશ્વસનીયતા પર મોટો સવાલ

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા આટલા ગંભીર મુદ્દે GPCB માત્ર સરકારી આંકડા રજૂ કરીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. ૭૦૨ પોઈન્ટના તફાવતનું કારણ શું છે, કયા મશીનના આંકડા વિશ્વસનીય છે અને સરકારી મોનિટરિંગમાં કોઈ ખામી છે કે નહીં તે જાહેર કરવું જોઈએ. જો આ આંકડા આવા છે તો પાંડેસરા જીઆઈડીસી, સચિન જીઆઈડીસી અને પલસાણા જીઆડીસીના આંકડાની વિશ્વસનીયતા ઉપર પણ મોટો સવાલ ઉભો થયો છે.

દિવાળીની એક જ રાતમાં હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો, 3 વર્ષનો રેકોર્ડ તૂટ્યો !

ફટાકડાથી દાઝવાના બનાવો કરતાં મારામારીના કેસમાં વધુ વધારો

નવી સિવિલમાં 100 MLC કેસ નોંધાયા, 108ની ઇમરજન્સી કોલમાં 35થી 40 ટકાનો ઉછાળો

સુરતઃ દિવાળીના પર્વે સુરતમાં ખુશીઓ અને ઉજવણી વચ્ચે એક તરફ અકસ્માતો અને મારામારીની ઘટનાઓએ ચિંતાજનક સ્થિતિ ઊભી કરી હતી. દિવાળીની રાત્રે માત્ર 12 કલાકના ટૂંકા ગાળામાં જ સુરતની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. સુરત નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલમાં એક જ રાત્રિ દરમિયાન 600થી વધુ દર્દીઓ સારવાર માટે પહોંચ્યા હતા. આ વખતે છેલ્લા ત્રણેક વર્ષનો રેકોર્ડ તૂટ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, દર્દીઓના ચોક્કસ આંકડા હજુ સત્તાવાર રીતે જાહેર થયા નથી.

આ વર્ષે દિવાળીની રાત્રે ઇમરજન્સી સારવાર માટે આવતા દર્દીઓની પેટર્નમાં પણ મોટો ફેરફાર જોવા મળ્યો હતો. સામાન્ય રીતે દિવાળીના તહેવારમાં ફટાકડા ફોડતી વખતે દાઝી જવાના બનાવો સૌથી વધુ નોંધાતા હોય છે. જોકે, આ વખતે ફટાકડાથી દાઝવાના બનાવો કરતાં એસોલ્ટ એટલે કે મારામારીના કેસમાં વધુ વધારો જોવા મળ્યો હતો. મારામારીના બનાવો બાદ રોડ ટ્રાફિક અકસ્માત (RTA) અને ત્યારબાદ ફટાકડાથી દાઝી જવાના દર્દીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ પહોંચ્યા હતા. આ વખતે ફટાકડાથી દાઝવાના 20 જેટલા દર્દીઓ હોસ્પિટલ પહોંચ્યા હતા.

બીજી તરફ, ઇમરજન્સી સેવાઓમાં પણ ભારે વધારો નોંધાયો હતો. 108 એમ્બ્યુલન્સમાં સામાન્ય દિવસોની સરખામણીએ 35થી 40 ટકાનો વધારો થયો હતો. જ્યારે સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં એક જ રાતમાં અંદાજે 60

...અનુસંધાન પાના 5 પર

24 કલાકમાં સિવિલ અને સ્મિમેરમાં 1300થી વધુ દર્દીઓ પહોંચ્યા

આ ઉપરાંત, છેલ્લા 24 કલાકમાં સુરત નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલ મળીને 1300થી વધુ દર્દીઓ સારવાર માટે પહોંચ્યા હતા. દિવાળીના તહેવાર દરમિયાન એકસાથે વધેલા દર્દીઓના ધસારાને પગલે સરકારી હોસ્પિટલોના ઇમરજન્સી વિભાગો પર ભારે ભારણ જોવા મળ્યું હતું. ખાસ કરીને મારામારી, અકસ્માત અને દાઝી જવાના બનાવોએ આરોગ્ય તંત્રની ઇમરજન્સી સેવાઓને વ્યસ્ત રાખી હતી.

સુરતમાં 24 કલાકમાં 150 જગ્યાએ આગ લાગી, ફાયર સતત દોડતું રહ્યું

કાપોદ્રા ચીકુવાડી પાસે સોસાયટીના પાર્કિંગમાં ફટાકડાને પગલે આગ લાગતાં વાહનો ખાખ

સુરતઃ સુરત શહેરમાં દિવાળીના પર્વ દરમિયાન આતશબાજી વચ્ચે આગ લાગવાના બનાવોની વણઝાર સર્જાઈ હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં ફટાકડાના તણખા અને રોકેટ રહેણાક વિસ્તારો તેમજ ખુલ્લી જગ્યાઓમાં પડતાં આગ ભભૂકી ઊઠી હતી. સમગ્ર રાત દરમિયાન અને સોમવારે સવાર સુધી ફાયર કંટ્રોલ રૂમ સતત ધમધમતો રહ્યો હતો અને વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૫૦થી વધુ ફાયર બ્રિગેડના કોલ નોંધાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર કાપોદ્રા ચીકુવાડી પાસે આવેલ કલ્યાણકુટિર સોસાયટીમાં રવિવારે મધરાતે ફટાકડાને પગલે પાર્કિંગમાં આગ લાગી હતી. જેને પગલે પાર્ક કરેલાં ત્રણ વાહનમાં આગ ફેલાઈ હતી. બે મોપેડ, જુપિટર, સ્પ્લેન્ડરમાં આગ લાગી હતી. સ્થાનિકો દોડી આવ્યા હતા અને ફાયર વિભાગને જાણ કરવામાં આવતાં કાપોદ્રા ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ગણતરીના સમયમાં જ કાબૂ મેળવી લીધો હતો. પરંતુ ત્રણ વાહનને નુકસાન થયું હતું.

બીજા બનાવમાં મોટા વરાછા ગોપીન ગામ પાસે પી.પી.સવાણી સ્કૂલ નજીક રોડ પર ટેમ્પો પાર્ક કરેલો હતો. જ્યાં રવિવારે મોડી રાતે ફટાકડાને પગલે ટેમ્પો નજીક કચરાના જથ્થો સળગ્યો હતો. જેની આગ ફેલાઈને પાર્ક કરેલા ટેમ્પો સુધી

...અનુસંધાન પાના 5 પર

રાજ્યમાં આગના બનાવો સૌથી વધુ સુરતમાં

ગાંધીનગરઃ ગુજરાતમાં દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવા અને અન્ય કારણોસર આગ લાગવાની અનેક ઘટનાઓ સામે આવી છે. રાજ્યભરમાં આગ સંબંધિત ઇમરજન્સી સેવા 112 સર્વિસ કુલ 366 બનાવ નોંધાયા છે. જેમાં સુરત શહેર 82 અને ગ્રામ્યમાં 37 સાથે કુલ 119 બનાવો સાથે સૌથી વધુ આગના બનાવો સાથે પ્રથમ ક્રમે રહ્યું છે, જ્યારે અમદાવાદ શહેર બીજા ક્રમે છે. રાજકોટ શહેરમાં પણ આગની 44 ઘટનાઓ નોંધાતાં ફાયર વિભાગની કામગીરીમાં વધારો થયો હતો. જિલ્લાવાર આંકડાઓ મુજબ સુરત શહેરમાં સૌથી વધુ 82 આગના બનાવો નોંધાયા છે. ત્યારબાદ અમદાવાદ શહેરમાં 56 અને રાજકોટ શહેરમાં 44 બનાવો સામે આવ્યા છે. સુરત ગ્રામ્ય વિસ્તારમાં 37, વડોદરા શહેરમાં 22, જામનગરમાં 14 અને ગાંધીનગર તથા કચ્છ પૂર્વમાં 12-12 બનાવો નોંધાયા છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આગની 11 ઘટનાઓ નોંધાઈ છે. ભાવનગરમાં 8, દાહોદમાં 7, જ્યારે કચ્છ પશ્ચિમ, પાટણ, સુરેન્દ્રનગર અને વલસાડમાં 6-6 બનાવો નોંધાયા છે. ભરૂચ અને મહીસાગરમાં 5-5 બનાવો સામે આવ્યા છે. આ ઉપરાંત મહેસાણા અને અન્ય કેટલાક જિલ્લાઓમાં પણ આગની ઘટનાઓ નોંધાઈ છે. ગુજરાતમાં દિવાળીના તહેવાર દરમિયાન 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને વિવિધ જિલ્લાઓમાંથી કુલ 62 ઇમરજન્સી કેસ મળ્યા હતા. જેમાં અમદાવાદ સૌથી વધુ ઇમરજન્સી કેસ સાથે પ્રથમ ક્રમે રહ્યું છે, જ્યારે સુરત બીજા ક્રમે રહ્યું છે.

સુરતમાં દિવાળી પર્વે દરરોજ કરતાં ૬૦૦ ટન કચરો વધારે નીકળ્યો

ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે દિવાળીની રાત્રે ૧૫૦ ટન વધુ કચરો નીકળ્યો

સુરતઃ દર વર્ષે સુરતીજનો મોટી સંખ્યામાં ફટાકડા ફોડતા હોય છે. જાહેર રસ્તા પર ખાસ કરીને સુરતીઓ રાત્રિના સમયે પરિવાર સાથે ફટાકડા ફોડવાની મજા લેતા હોય છે ત્યારે કચરો પણ વધારાના પ્રમાણમાં નીકળતો હોય, સુરત મનપાના રાત્રિ સફાઈ કામદારો દ્વારા રાતભર સફાઈ કામગીરી કરવામાં આવી હતી. મનપાના ૪૦૦થી વધુ સફાઈ કર્મચારીઓ દ્વારા આખી રાત સફાઈ કામગીરી કરવામાં આવી હતી અને વહેલી સવારથી પણ કામદારો સફાઈ કામગીરીમાં જોડાયા હતા અને દિવાળીનો વધારાનો 600 મેટ્રિક ટન કચરો નીકળ્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ રાખવાની નેમ સાથે દિવસ-રાત સફાઈ કામગીરી કરાવવામાં આવે છે. શહેરમાં દરરોજ અંદાજિત ૨૮૦૦થી ૩૦૦૦ મે.ટન કચરો નીકળે છે. દિવાળી પૂર્વે લોકો ઘરની સાફસફાઈ કરતા હોવાથી મનપા દ્વારા વધારાનો કચરાનો નિકાલ કરવા માટે ડોર-ટુ-ડોરની વધારાની ગાડીઓ દરેક ઝોનમાં ગોઠવવામાં આવી હતી. તેમજ ડોર-ટુ-ડોરની ગાડીઓના ફેરા પણ વધારવામાં આવ્યા હતા. દિવાળી પૂર્વે પણ શહેરમાં દરરોજ વધારાનો કચરો નીકળતો હતો. જેનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ દિવાળીના દિવસે સુરતીજનોએ મોટા પ્રમાણમાં ફટાકડા ફોડ્યા હોય, શહેરના મુખ્ય રસ્તા પર ફટાકડાનો વધારાનો કુલ ૬૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. મનપાના ૪૦૦થી વધુ રાત્રિ સફાઈ કામદારો દ્વારા રાતભર મુખ્ય રસ્તાઓ પરથી કચરો કાઢ્યો હતો. અને દિવાળીના બીજા દિવસે પણ સવાર સુધી સફાઈ કામગીરી ચાલી હતી. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧૫૦ મેટ્રિક ટન કચરો વધુ નીકળ્યો હતો.

સરથાણા આઉટર રિંગ રોડ પર કોલ્ડ્રીંકના ટીનમાં બોમ્બ ફોડતાં ચાર મિત્રો ઘાયલ

બે મિત્રોને ગંભીર ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા

જાહેર માર્ગ પર ફટાકડા ફોડવાની બેફામ હરકતથી રાહદારીઓની સુરક્ષા જોખમાઈ



સુરતઃ શહેરમાં દિવાળીના પર્વ દરમિયાન જાહેર રસ્તાઓ પર બેફામ રીતે ફટાકડા ફોડવાની ઘટનાઓ વચ્ચે સરથાણા આઉટર રિંગ રોડ પર અકસ્માત સર્જાયો હતો. કેટલાક લોકો કોલ્ડ્રીંકના નામ લખેલા લોખંડના ટીનમાં બોમ્બ મૂકીને ફોડી રહ્યા હતા. દરમિયાન અચાનક ટીન ફાટતાં ત્યાંથી પસાર થઈ રહેલા ચાર મિત્રો તેની અડફેટે આવી ગયા હતા, જેમાં બે મિત્રને ગંભીર ઈજા થતાં તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

મળેલી માહિતી મુજબ પુણા-મગોબ રોડ પર આવેલી ધનવર્ષા

...અનુસંધાન પાના 5 પર

શ્રદ્ધાંજલિ – પ્રથમ પુણ્યતિથિ



સ્વ. ઠાકોરભાઈ નાયક

જન્મ તા.૦૧/૦૮/૧૯૩૧ – સ્વ. તા.૧૦/૧૧/૨૦૨૫

આપ ભલે દેહરૂપે અમારી વચ્ચે નથી પરંતુ આપશ્રીના વિચારો, આદર્શો તથા જીવનમૂલ્યો અમારા દરેક પગલે માર્ગદર્શન આપતા રહેશે. આપની ખોટ ક્યારેય પૂરી શકાય એમ નથી.
આપની યાદો જ અમારા માટે અમૂલ્ય વારસો છે.
પરમાત્મા આપના પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે...
આપના આદર્શો અમો સૌને પ્રેરણા આપતા રહે એવી પ્રાર્થના...
ભાવભીની શ્રદ્ધાંજલિ સાથે કોટી કોટી વંદન...

લિ.
લીલાવતી ઠાકોરભાઈ નાયક
કલ્પના – અજય ઠાકોરભાઈ નાયક
પ્રજ્ઞા – રાજીવ ઠાકોરભાઈ નાયક
સંગીતા – વિનોદચંદ્ર મગનભાઈ નાયક

રવિ – સેજલ નિવાન | અનુજા – હાર્દિક અર્જુન | જય – રોનક અગસ્ત્ય | મિત – પ્રાચી આદ્યા

સ્વ. મગનલાલ રામભાઈ નાયક પરિવાર (આમરી)

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ભાવિક સુરેશભાઈ રાઠોડ


સ્વ.તા.

જીવનભર પ્રેરણામય બની પરિવારને સંપ, સહકાર અને સંસ્કારનું સિંચન કર્યું, ચંદનસમુ જીવન જીવી પરિવારને સમૃદ્ધ બનાવી સુખ સૌને આપી ગયા. આપની ઉદારતા, પરોપકારી જીવન, લાગણીશીલ સ્વભાવ, કુટુંબ-સમાજ પ્રત્યેનો વાત્સલ્યભાવ અમોને સદા પ્રેરણા બક્ષશે.
આપના ગુણોને અમે અનુસરીએ એ જ હોય શકે અમારી સાચી શ્રદ્ધાંજલિ.

સ્મરણાર્થે/શોકાતુર
માતાશ્રી - જ્યોતિબેન સુરેશભાઈ રાઠોડ
બહેન - ખ્યાતિ સુરેશભાઈ રાઠોડ

સ્થળ : ઉમરગામ

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. કાન્તિભાઈ ડાહ્યાભાઈ પટેલ

જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૧ | સ્વ. તા.૧૩/૧૧/૨૦૨૩

આપની નિર્મલ નિખાલસતા, નિરંતર કાર્યશીલતા, આપનો સૌમ્ય, સેવાભાવી સ્વભાવ, ગીતાધર્મને ભૂલ્યા વિના, સમાજમાં એક ધૂપસળી જેવું મહેકતું જીવન સૌના હૃદયમાં ઝંકૃત થઈ અશ્રુ વહાવી જાય છે. પારિવારિક આમજનો ઉપરાંત સમાજમાં ઉદ્ભવેલો ખાલીપો સદૈવ વર્તાયા કરશે. વ્યાપક જીવન ઉજાગર કરી જનારા દિવ્યાત્માને શાશ્વત ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના...

સ્વ. હસમુખભાઈ ડાહ્યાભાઈ પટેલ (ભાઈ)
ઈશ્વરભાઈ રામુભાઈ પટેલ (ભાઈ)
પંકજભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
રમેશભાઈ જમુભાઈ પટેલ (ભાઈ)
ઠાકોરભાઈ જમુભાઈ પટેલ (ભાઈ)

લિ.

હર્ષદભાઈ મોહનભાઈ પટેલ (ભાઈ)
દિલીપભાઈ ધનસુખભાઈ પટેલ (ભાઈ)
મોન્ટુ કાન્તિભાઈ પટેલ (પુત્ર)
કેવિન હસમુખભાઈ પટેલ (ભત્રીજો)
અવ્યાન મોન્ટુ પટેલ (પૌત્ર)

તથા સમસ્ત ગોવિંદજી પરિવાર (ગામ – ભીમરાડ)